બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સરાસરી હાજરીની વિદ્યાર્થી સંખ્યા તેમજ સરાસરી હાજરીની છૂટ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ED/MIS/e-file/3/2023/3414/G-1
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૦/૧૧/૨૦૨૩

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૧૨-૨૦૦૯ નો સમાનાંકી ઠરાવ.
(૨) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૦૩-૨૦૧૧ નો સમાનાંકી ઠરાવ.
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૧-૧૨-૨૦૨૦ નો સમાનાંકી ઠરાવ
(૪) શિક્ષણ વિભાગનો તારીખ ૦૮-૧૨-૨૦૨૧ નો સમાનાંકી ઠરાવ
(૫) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭-૦૯-૨૦૨૨ નો સમાનાંકી ઠરાવ
(૬) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૨-૦૯-૨૦૨૩ નો પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-૨/૨૦૨૩-૨૪/૧૧૮૮૨.

પ્રસ્તાવના :-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના અનુક્રમે તારીખ ૩૧-૧૨-૨૦૦૯ અને તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી રાજ્યની દરેક માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા અંગે સરાસરી હાજરી અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ છે.

ગત શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨-૨૩ દરમ્યાન શાળાના વર્ગોમાં સંખ્યા અને સરાસરી હાજરી ઘટાડાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હતો, જેના કારણે શિક્ષણ વિભાગના તારીખ: ૨૭/૦૯/૨૦૨૨ ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે શિક્ષણ વિભાગે સરાસરી હાજરી ઘટાડી હતી.

સદર બાબતે સને ૨૦૨૨-૨૩માં શિક્ષણ વિભાગના તા.૨૭/૦૯/૨૦૨૨ ના ઠરાવથી મળેલ છૂટછાટ અન્વયે જે શાળાઓમાં ધો-૯ અને ધો.૧૧ના વર્ગોમાં વિધાર્થી સંખ્યા શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૧ના ઠરાવ મુજબ ન હોવા છતા આ વર્ગો ચાલુ રાખવામાં આવેલ જેની આનુષંગિક અસરના ભાગરૂપે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધો-૧૦ અને ધો-૧૨માં પણ ઓછા

વિધાર્થીઓએ પ્રવેશ મેળવેલ જેથી વર્ષ ૨૦૨૨-૨૩ની જેમ વર્ષ ૨૦૨૩-૨૪માં પણ ધોરણ ૧૦ અને ૧૨ માં વર્ગદીઠ વિધાર્થી સંખ્યામાં છૂટ આપવામાં ન આવે તો શિક્ષણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૧ના ઠરાવ મુજબ વર્ગઘટાડાની કાર્યવાહી કરવી પડે અને ફાજલ શિક્ષકોના પ્રશ્ન ઉપસ્થિત થવા પામી શકે તેમ છે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં વિધાર્થી સંખ્યાને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ વિધાર્થી સંખ્યા ને બદલે ૪૨+૧૮ તેમજ શહેરી વિસ્તાર માટે ૬૦+૩૬ વિધાર્થી સંખ્યા ને બદલે ૪૨+૨૫ વિધાર્થી સંખ્યા રાખવા તેમજ અગાઉના ઠરાવોની અન્ય જોગવાઇ યથાવત રાખવા અંગે મંજૂરી આપવાની કમિશનરશ્રી શાળાઓની કચેરીની વંચાણે લીધેલ ક્રમાંક(૬) સામેની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪(એક વર્ષ માટે જ) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં વિધાર્થી સંખ્યાને ગ્રામ્ય વિસ્તાર માટે ૬૦+૨૪ વિધાર્થી સંખ્યા ને બદલે ૪૨+૧૮ તેમજ શહેરી વિસ્તાર માટે ૬૦+૩૬ વિધાર્થી સંખ્યા ને બદલે ૪૨+૨૫ વિધાર્થી સંખ્યા રાખવા નીચે મુજબની શરતોને આધીન એક જ વર્ષ માટે છુટછાટ આપવામાં આવે છે:

(૧) આ ઠરાવથી કરવામાં આવેલી જોગવાઈઓ માત્ર વર્ગ ઘટાડા માટે ધ્યાને લેવાની રહેશે. રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ- ૯ થી ૧૨ ના વર્ગવધારા માટે શિક્ષણ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાર્થી સંખ્યાની જોગવાઈઓ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. આ વિદ્યાર્થી સંખ્યા વર્ગવધારા માટે કોઈપણ સંજોગોમાં ધ્યાને લેવાની રહેશે નહીં અર્થાત વર્ગવધારા માટે ૬૦+૨૪ વિદ્યાર્થી સંખ્યા અને ૬૦+૩૬ વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવાની રહેશે.

(૨) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ ના પ્રથમ વર્ગ માટે ગ્રામ્ય વિસ્તાર માટે ૨૪ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલ છે, તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૧૮ જાળવવાની રહેશે અને શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા નિયત થયેલી છે તેના બદલે સુધારેલ વિદ્યાર્થી સંખ્યા ૨૫ જાળવવાની રહેશે

(૩) ગ્રામ્ય વિસ્તાર માટે ૧૮ અને શહેરી વિસ્તાર માટે ૨૫ વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ ઘટાડા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) આ ઠરાવની છૂટછાટ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪(એક જ વર્ષ માટે) ના સમયગાળા માટે આપવામાં આવે છે. આ મુદત પુરી થયે આ ઠરાવની અસર આપોઆપ રદબાતલ બનશે.

બાકીની બોલીઓ અને શરતો આ વિભાગના તારીખ ૦૮-૦૩-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: ઉમશ – ૧૧૦૬ – ૨૧૩૮ – ગ.૧ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૦/૧૧/૨૦૨૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. ટી. બાંધણિયા)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, માન.નાણા મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.